# પ્રાંતિજ તાલુકામાં મેઘરાજાની મહેર

## બે દિવસથી ધીમીધારે શરૂ થયેલ વરસાદ મંગળવારની સાંજે નદી તળાવોમાં નવા નીર આવ્યા : ખેતીમાં પાકને રાહત

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં મેઘરાજાની મહેરથી ગ્રામ્ય વિસ્તારોના તળાવો સહિત પ્રાંતિજ તળાવમાં પણ નવા નીર આવતા પ્રાંતિજ વાસીઓમાં ખુશી જોવા મળી હતી અને ખેડૂતોમાં પણ મુરજાતા પાકને લઈને ખુશીની લહેર જોવા મળી હતી.

પ્રાંતિજ સહિત તાલુકામાં સવારથી જ ધીમીધારે મેઘરાજાની પધરામણી થઈ હતી અને સાંજના સમયે મેઘરાજાએ ફાસ્ટ બેટિંગ કરતાં બે કલાકમાં ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો હતો અને પ્રાંતિજ સહિત આજુબાજુના ગામોમાં તળાવોમાં નવા નીર આવવાથી ભરાયા હતા.



ત્યારે પ્રાંતિજ ખાતે પણ રાજારજવાડા વખતે બનાવવામાં આવેલ ઐતિહાસિક ભાંખરીયા તળાવ ખાલી ખણ હતુ અને એક જ રાતમાં વરસાદ પડતા તળાવ ભરાઈ જતાં પ્રાંતિજવાસીઓમાં આનંદ છવાયો હતો અને શહેરીજનો ભાંખરીયા તળાવ તરફ દોડી આવ્યા હતા. જ્યારે તાલુકામાં પણ નાના મોટા તળાવોમાં નવા નીર આવવાથી ભરાયા હતા. જ્યારે ઉપરવાસમાં પણ વરસાદ પડતાં સાબરમતી નદીમાં પણ નવા નીર આવ્યા હતા. જ્યારે વરસાદી પાણીની આશાએ કપાસ, ડાંગર જેવા મુજાતા પાકને નવું જીવંત દાન મળતા ખેડૂતોમાં પણ ખુશીની લહેર જોવા મળી છે.

# મોડાસાના હરિદ્વાર કોમ્પલેક્ષમાં ૧.૫૦ લાખની ચોરી : પોલીસ નિષ્ક્રિય

મોડાસા,તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા અને સતત ધમધમતા માલપુર રોડ પર કલ્યાણ ચોકની સામે રહેલા હરિદ્વાર કોમ્પલેક્ષમાં મંગળવારે બપોરે ધોળે દહાડે બુમાબુમ કરી મુકી હતી. હરિદ્વાર કોમ્પલેક્ષમાં રહેતા કનુભાઈ પંચાલની પત્નિ મંગળવારે બપોરે ૩.૩૦ વાગ્યાની આજુબાજુમાં નજીકમાં આવેલી બેંકમાં કામકાજ અર્થે ગયા હતા ત્યારે કોઈ ચોર કે લુંટારૂ ટોળકીએ આ તકનો લાભ લઈ ફલેટના મુખ્ય દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશી ઘરમાં રાખેલી બે તીજોરીઓના નકુચા તોડી તીજોરીમાં રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ ૧.૫૦ લાખથી વધુની ચોરી કરી તસ્કરો ગણતરીની મિનિટોમાં પલાયન થઈ ગયા હતા. બેંકનું કામકાજ પતાવીને પરત ફરેલી મહિલાએ તેના ફલેટનો મુખ્ય દરવાજો તુટેલો જોતા અને ઘરમાં રહેલી તીજોરીનો માલ-સામાન વેરવિખેર હતો. અને



ફલેટમાંથી ૧.૫૦ લાખની તસ્કરીની ઘટના બનતા મોડાસા શહેરના પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો હતો. મોડાસા પોલીસતંત્ર માટે શરમજનક ઘટના બનતા મોડાસા ટાઉન પોલીસ હરકતમાં આવી ગઈ હતી. મોડાસા શહેરમાં રાત્રીની ચોરીની ઘટનાઓ ઉકેલવામાં મોડાસા પોલીસતંત્ર નિષ્ફળ રહ્યુ છે. ત્યારે ધોળાદહાડે રહેણાંક વિસ્તારમાં ચોરીની ઘટના બનતા મોડાસા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ હોય તેવો નગરજનો અહેસાસ અનુભવી રહ્યા છે.



મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા હરિદ્વાર કોમ્પલેક્ષમાં આવેલા ફલેટમાંથી મંગળવારે ભરબપોરે ચોર-લુંટારાઓ ચોરીની ઘટનાને અંજામ આપી ફરાર થઈ જતા ફલેટના રહેવાસીઓએ ઘરમાં રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ ગાયબ જણાતા બેબાકળા બની ગયા હતા અને ચોરીની ઘટના અંગે તેમના પતિને જાણ કરતા તાત્કાલિક ઘરે પહોંચી ચોરીની ઘટના અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા મોડાસા ટાઉન પોલીસ દ્વારા અજાણ્યા ચોર ઈસમ સામે ચોરી-લુંટનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદમાંથી સસ્તા અનાજનું બારોબાર વેચાણ થતું ઝડપાયું : કોંગ્રેસ

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં અન્ન નાગરિક પુરવઠા વિતરણ વ્યવસ્થામાં મોટા પાયે ગેરરીતીઓ પકડાઈ છે તેમ છતાં ભાજપ સરકાર પગલાં લેવાને બદલે ભીનું સંકેલે છે તે દર્શાવે છે કે, ભાજપ સરકારને ગરીબ-સામાન્ય વર્ગના પરિવારોના હક્ક અને અધિકારના ઘંઉ, ચોખા, ખાંડ સહિતની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવાના બદલે મળતીયાઓ-ભ્રષ્ટાચારીઓ દ્વારા સગેવગે કરવામાં આવે છે ત્યારે ભાજપની જુદી જુદી ધન સંગ્રહ યોજના હેઠળ શું અન્ન નાગરિક પુરવઠામાં પણ કાળો કારોબાર ચાલે છે? તેવો પ્રશ્ન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા શ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે, નેશનલ ફૂડ સીક્યોરીટી એક્ટ એ ૨૦૧૩મા યુપીએ સરકાર દ્વારા જરૂરીયાતમંદ લોકો માટે લાવવામા આવ્યુ હતું જેનો મુખ્ય ઉદ્દેશ આઝાદ ભારતના નાગરીકોને સસ્તા દરે પર્યાપ્ત માત્રામાં ઉત્તમ પ્રકારનું પોષણયુક્ત ખાધ્યધાન મળી રહે. પરંતુ અમદાવાદના નરોડા વિસ્તારમાં આ ખાધ્યધાનનો ખોટી રીતે વેપાર થઈ રહ્યો છે. જે એસીપી મંજીતા વણજારા અને ટીમએ તપાસ હાથ ધરી અને એક જીઆઈડીસીના પ્રાઈવેટ વેર હાઉઝમાં રવિવાર બપોરે દરોડા પાડ્યા અને આશરે ૫૪૮ જેટલી બોરીઓ જપ્ત કરી.

સીટીએમ ચાર રસ્તાથી લઈને નરોડા સુધી ને જેટલી પણ પબ્લીક ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમની દુકાન છે તે બધી દુકાનોમા ગ્રાહકો ની ખોટા ફીંગર પ્રીટ બતાવીને આ રીતે આ બધો માલ જેવાકે ધઉં જે સસ્તા અનાજની દુકાને રૂ. ૨ પ્રતિ કિલો મળે છે તે રૂ. ૧૮ પ્રતિ કિલો વેચાય છે તો આ રૂ. ૧૬ કોના ખિસ્સામાં જઈ રહ્યા છે તો આનો જવાબ શું ભાજપ સરકાર આપી શકશે? જો આ બધી દુકાનોના કમ્પ્યુટર જપ્ત કરવામા આવે તો મોટું કૌભાંડ બાર આવી શકે.



સોમનાથ ભજન મંડળ, શિવ ભજન મંડળ, સેક્ટર-૨ તથા સેક્ટર-૬-બીની બહેનોએ પવિત્ર શ્રાવણ માસમાં ભીમનાથ, ઘેલા સોમનાથ, ગઢડા, ગણેશપુરા, સારંગપુર હનુમાન, બુટભવાની જેવા ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી હતી. આ સ્થળોએ યોજાયેલા વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં આ બહેનોએ ખુબ ઉલ્લાસપૂર્વક ભાગ લઈ ધન્યતા અનુભવી હતી.



ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષ તરીકે જીતુભાઈ વાઘાણીની નિમણુંક કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા ભાજપ કાર્યાલય મોડાસા ખાતે અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રણવિરસિંહજી ડાભી તથા જિલ્લા મહામંત્રી ધીમંતભાઈની આગેવાની હેઠળ ભાજપના કાર્યકર્તાઓ શહેર પ્રમુખ જગદીશભાઈ ભાવસાર, જિલ્લા યુવા મોરચાના અધ્યક્ષ અનીલભાઈ, શહેર મહામંત્રી યશવંતભાઈ, રણધીરભાઈ ચુડઘર, રાજુભાઈ સગર, આશિષભાઈ જયસ્વાલ, પ્રદિપભાઈ શેઠ, નર્મદાબેન રાઠોડ, ગફુલભાઈ રબારી, વિનોદભાઈ પટેલ, ડૉ. દેવદત્તભાઈ શાહ અને નીતિનભાઈ પંડ્યા સહિત કાર્યકરોએ ફટાકડા ફોડી અભિનંદન પાઠવ્યા હતા અને અધ્યક્ષપદની વરણીને વધાવી હતી.

# પ્રજાજનોને ઘણી તકલીફ છતાં ચૂંટણી જીતવા રૂપાણીને સપના

## રૂપાણી સામાજિક આંદોલનને કોઈ જ પડકાર ગણ્યા વિના વિધાનસભા ચૂંટણી જીતવાનો મનસુબો ધરાવે છે : કોંગ્રેસ

અમદાવાદ, તા.૧૦

ગુજરાત રાજયમાં છેલ્લા બે દસકાથી વિવાદ અને સમસ્યાઓ પેદા કરી તમામ ક્ષેત્રે સદંતર નિષ્ફળ રહેલી ભાજપ સરકારના નવનિયુક્ત મુખ્યમંત્રી વિજય રૂપાણી સામાજિક આંદોલનને કોઈ પડકાર ગણ્યા વિના ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણી જીતવાનો મનસુબો ધરાવે છે. પરંતુ તેમણે મતોના રાજકારણમાંથી બહાર આવી પ્રજાલક્ષી વિકાસ કામોનો સત્વરે અમલ કરવો જોઈએ એમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે જણાવ્યું છે. કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ભાજપના શાસનમાં જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચે અંતર વધવા સાથે ગુજરાત મોડેલની વિશ્વભરમાં બદનામી થવા સાથે ગુજરાતમાં અનેકવિધ પડકારો ઉભા થયા છે ત્યારે પોતે સંગઠનના માણસ હોવાથી મુખ્યમંત્રી રેસમાં નથી એમ જણાવી બે દિવસમાં જ સંયોગો ઉભા થતાં શાસનધૂંરા સંભાળી હોવાનું જણાવતાં વિજયભાઈ રૂપાણીએ વિકાસના કામોના બદલે ૨૦૧૭ની ચૂંટણી જીતવાના દીવાસ્વપ્ના જોઈ રહ્યા છે તે રાજયની પ્રજા માટે ખુબ જ મોટી કમનસીબી છે. બળેવ પહેલા જ વિદાય કરવામાં આવેલા બેન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખાસમ ખાસ હતા. આમ છતાં અનેક પડકારો અને વિવાદો વચ્ચે તેમણે ગાદી છોડવી પડી છે. આ સંજોગોમાં પ્રજા સામે રહેલા પડકારો અને સમસ્યાઓમાં અનેકગણો વધારો થશે તે નિશ્ચિત છે.

# બ્રાહ્મણવાડા પાસે ટ્રક અને ખાનગી બસ વચ્ચે અકસ્માત

ઊંઝા, તા. ૧૦

આજે ઊંઝા-સિદ્ધપુર હાઈવે પર બ્રાહ્મણવાડા પાસે પંચર પડેલ ટ્રકની પાછળ રાજસ્થાનની ખાનગી લકઝરી બસ ઘુસી જતાં લકઝરીના ચાલક સહિત નવ મુસાફરોને ઈજાઓ થઈ હતી. જે પૈકી બે વ્યક્તિઓને વધુ ઈજાઓ થતાં તેઓને સારવાર અર્થે ધારપુર પાટણ ખાતેની હોસ્પિટલમાં ખસેડાયા હતા.

બનાવની વિગત એવી છે કે ઊંઝા-સિદ્ધપુર હાઈવે પર આવેલ બ્રાહ્મણવાડા ગામ પાસે ટ્રક નં. પી.બી.૦૮. બી.પી.૮૦૭૧નું ટાયર ફાટતા આ ટ્રક હાઈવે પર થોભાવી હતી. ત્યારે બપોરના સમયે અમદાવાદથી બાલોત્રા જતી રાજસ્થાનની ખાનગી લકઝરી બસ નં. આર.જે.૧૬.પી.એ.૨૧૦૦ ટ્રકની પાછળ ઘુસી જતાં અકસ્માત થયો હતો. જેમાં લકઝરી બસના ચાલક તુલસીગીરી ગૌસ્વામી સહિત બસમાં સવાર નવ મુસાફરોને વત્તાઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી.

ઈજાગ્રસ્તોને ૧૦૮ની બે ગાડીઓમાં સારવાર માટે ઊંઝા કોટેજ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં બે ની સ્થિતિ ગંભીર જણાતાં તેઓને વધુ સારવાર અર્થે ધારપુર પાટણની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત તયા બાદ મોડેથી ઊંઝામાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્તોમાં અનુષ્કા એલ. એક્સ રહે. પાલનપુર, તારાબેન રણછોડભાઈ લુહાર રહે. રાજસ્થાન, પુજાબેન શ્રવણભાઈ લુહાર રહે. રાજસ્થાન, આશુરામ માનારામ રહે. રાજસ્થાન, અસ્મિતાબેન અમરાજી માળી રહે. રાજસ્થાન, ઘેનારામ ગુડારામ રહે. રાજસ્થાન, વિક્રમભાઈ હરેરામ રહે. રાજસ્થાન, ઈશ્વરભાઈ પારસી રહે. રાજસ્થાનનો સમાવેશ થાય છે.

# વાહનોનું ખોટુ રજીસ્ટ્રેશન કરતા હિંમતનગર આર.ટી.ઓ.ના બે કર્મચારી વિરૂધ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર આર.ટી.ઓ. કચેરીમાં ફરજ બજાવતા બે સિનીયર કલાર્કોએ ત્રણ વર્ષ અગાઉ ચાર વાહનોના ખોટા દસ્તાવેજ બનાવડાવી તેનું રજીસ્ટ્રેશન કરી નવા નંબર આપી આ દસ્તાવેજોના પુરાવાનો નાશ કરી દેતાં તેમની વિરૂધ્ધ મંગળવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. વર્ષ ૨૦૧૩માં હિંમતનગર આર. ટી. ઓ. કચેરીમાં ફરજ બજાવતા સિનીયર કલાર્ક એમ. ડી. ડામોર અને એન. એન. બામણાએ હરિયાણાના ચાર વાહનોને ગુજરાતમાં પાસહ્લગ કરવા માટે બોગસ દસ્તાવેજો બનાવી તેને હિંમતનગર આર.ટી.ઓ. કચેરીમાં રજુ કરી નવા નંબર આપી દીધા હતા. ત્યારબાદ આ અંગે તપાસ કરાતા બંને સિનીયર કલાર્કોએ જે ખોટા દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કરી તે દસ્તાવેજી પુરાવાનો નાશ કરી દીધો હતો.

## ટોલટેક્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેના ઉપર કોમ્પ્યુટરાઈઝડ સીસ્ટમ લગાડેલ હોઈ આ માર્ગ પરથી પસાર થતાં વાહનોની સંખ્યાને આધારે પેસેન્જર વતી ટોલટેક્ષ રાજય સરકાર ભોગવશે. આ ટોલટેક્ષ નાબુદ થતા સર્વિસ રોડ પર જતા વાહનો હવે મુખ્ય માર્ગ ઉપર આવશે જેનાથી પસાર થતા વાહનોની સંખ્યા વધશે અને ટેક્ષમાં રાજય સરકારનું ભારણ વધશે. તેમણે ઉમેર્યું કે, ભારત સરકાર હસ્તકના જે ૮ નેશનલ હાઈવે આવેલા છે. તેની સંપૂર્ણ માલિકી ભારત સરકારની હોઈ આ માર્ગો ઉપર ટોલટેક્ષમાંથી મુક્તિ આપવાની સત્તા કેન્દ્ર સરકાર હસ્તક છે અને કેન્દ્ર સરકાર ભવિષ્યમાં જે નિર્ણય કરશે જેને રાજય સરકાર અનુસરશે. રાજય સરકારના આ નિર્ણયને કારણે આ માર્ગ પરથી પસાર થતા પ્રજાજનોએ હવે ટોલ પ્લાઝા પરથી ટોલ ચુકવણીમાં થતા સમય અને ઈંધણની બચત થશે અને મુસાફરી વધુ સરળ અને ઝડપી બનશે.

## ફોજદારી કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુંબઈ પોલીસ કમીશનરનો હેવાલ બિલકુલ સ્પષ્ટ છે. ઉશ્કેરણીજનક ભાષણ અને ગેરકાયદે પ્રવૃતિ માટે નાઈક અને તેમની સંસ્થાને હેવાલમાં દોષિત ઠેરવી દેવામાં આવ્યા છે. ફડનવીસે કહ્યુ છે કે અમે અહેવાલમાં અભ્યાસ કરી રહ્યા છીએ. કેન્દ્રિય ગૃહ મંત્રાલય સાથે વાતચીત ચાલી રહી છે. ફડનવીસે સાતમી જુલાઈના દિવસે નાઈક અને તેમની સંસ્થા સામે તપાસ કરવા માટે પોલીસ કમીશનરને કહ્યુ હતુ. હેવાલ સોંપવા માટે પણ કહેવામાં આવ્યુ હતુ. ઢાકામાં કાફે પર હુમલો કરવામાં આવ્યા બાદ કેટલાક હુમલાખોરો નાઈકથી પ્રભાવિત હોવાની વિગત સપાટી પર આવી હતી.

હુમલાખોરો પૈકી કેટલાક નાઈકથી પ્રેરિત હતા. ફડનવીસે કહ્યુ છે કે મુંબઈ પોલીસ દ્વારા કરવામાં આવેલી તપાસમાં કેટલીક નવી વિગત સપાટી પર આવી છે. નાઈકની પ્રવૃતિ ગેરકાયદે રહી હતી. નાઈક સામે સકંજો હવે મજબુત છે. આઈએસ અને ઈન્ડિયન મુઝાહીદીન સાથે સંબંધ ધરાવનાર કેટલાક યુવાનો દ્વારા કરવામાં આવેલા ખુલાસાથી પણ આરઆઈએફની ગેરકાયદે પ્રવૃત્તિ સપાટી ઉપર આવી છે. કાયદા અને ન્યાયિક વિભાગ સાથે વાતચીત કર્યા બાદ પગલા લેવામાં આવશે. ફડનવીસનું કહેવું છે કે,રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધારાધોરણો પાળીને સંયુક્ત કાર્યવાહી કરવામાં આવશે. જુદા જુદા ધર્મ અંગે જાકીર નાઈક દ્વારા કરવામાં આવેલા નિવેદનો અને પોલીસ દ્વારા એકત્રિત કરવામાં આવેલા પુરાવાથી સ્પષ્ટ થઈ જાય છે કે, તેમની અને આઈઆરએફની પ્રવૃત્તિ શંકાસ્પદ રહેલી છે. તેમના અહેવાલમાં જાકીર નાઈકની ગતિવિધિ અંગે વાત કરવામાં આવેલી છે. હવે નિર્ણય કરવાનું કામ કાયદા અને ન્યાયિક વિભાગ ઉપર છોડી દેવામાં આવ્યું છે. બીજી બાજુ આઈઆરએફનું કહેવું છે કે, ગૃહમંત્રાલય તરફથી તેને કોઈ નોટિસ મળી નથી. પોલીસ અહેવાલના સંદર્ભમાં કોઈ માહિતી મળી નથી. આઈઆરએફે ન્યાયિક અથવા તો આઈઆરએફ કોઈ ગેરકાયદે પ્રવૃત્તિમાં સામેલ હોવાનો ઈન્કાર કર્યો છે.

## ભારે વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સિનોર અને કરજણ તાલુકાના ૧૧-૧૧ ગામો મળી કુલ ૨૫ ગામના લોકોને સાવધાન કરવામાં આવ્યા છે. વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ૧૪ અને વડોદરા ગ્રામીણના સાત મળીને ૩૧ નદી કાંઠાના ગામોને એકત્રિત કરાયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૧ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે જેમાં ૧૧૨ તાલુકાઓમાં અડધાથી એક ઈંચ વરસાદ થયો છે. ૪૦ તાલુકાઓમાં બેથી આઠ ઈંચ જેટલો વરસાદ થયો છે. વડોદરા તાલુકામાં આઠ ઈંચથી વધુ વરસાદ થયો છે. વલસાડ જિલ્લાના પારડીમાં ૧૭૫ મીમી એટલે કે સાત ઈંચથી વધુ વરસાદ થયો છે. ત્રણ તાલુકાઓમાં પાંચ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે જ્યારે આઠ તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ વરસાદ અને આઠ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો છે.

## જગ્યાનો સર્વે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યાદી મોટી છે. રહેણાંકની દ્રષ્ટીએ પુરતા આવાસો ન હોવાથી કર્મચારીઓને આવાસ ફાળવી શકાતા નથી. જયારે આ સ્થિતિ વચ્ચે ગેરકાયદેસર કબજેદારોની સંખ્યા પણ વિશેષ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે નિકાલ હેઠળના અને ભયજનક આવાસો તોડી નંખાયા બાદ સેકટરોમાં ખાલી જગ્યા ઉપલબ્ધ થઈ છે. શહેરના સેકટરોમાં ખાલી જગ્યા પર નવા આવાસો બાંધવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. જેને અનુલક્ષી વિભાગ દ્વારા મકાનો તોડી નંખાયા બાદ નવા આવાસો બાંધવા માટે ઉપલબ્ધ જગ્યાનો સર્વે હાથ ધરવા માટે પણ તંત્રને સુચના આપવામાં આવી છે.હાલ તંત્ર દ્વારા સેકટરોમાં આવાસોની દ્રષ્ટીએ જગ્યાના દ્રષ્ટીકોણથી સર્વે કરવામાં આવી રહયો છે. સેકટર મુજબ રીપોર્ટ તૈયાર કરી વિભાગને સુપ્રત કરાયા બાદ આખરી નિર્ણય લેવાશે.

## કોલેરાના પોઝીટીવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્વેલન્સની કામગીરી હાથ ધરતાં ત્યાંથી ૧૦ જેટલા વધુ સાદા ઝાડાના દર્દીઓ મળી આવ્યા છે. તંત્રએ આ વિસ્તારમાંથી પાણીના નમૂના લઈ તપાસ માટે મોકલ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બન્ને દર્દીઓની સ્થિતિ સ્થિર અને સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

તંત્રની ટીમે આ વિસ્તારમાં પાણી પુરવઠાનો સપ્લાય તાત્કાલિક અસરથી બંધ કરવાની સૂચના આપી અને સવારથી ટેન્કર દ્વારા ક્લોરીનેશન કરાયેલુ શુદ્ધ પાણી આપવાના હુકમો જારી કર્યા છે.

તંત્ર દ્વારા આ વિસ્તારમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ પણ જારી કરવામાં આવી છે. શહેર અને જિલ્લામાં આ વખતે પાણીજન્ય રોગચાળાએ ભારે માથુ ઉંચક્યુ છે. જિલ્લામાં આ વખતે કોલેરાના કેસોની સંખ્યા ૨૫ને પાર કરી ગઈ છે.

આજે મળી આવેલા આ બે કેસોની વાતને તંત્રએ ગંભીરતાથી લઈ અને ઓપીડી પણ શરૂ કરવાની દિશામાં વિચારણા હાથ ધરી છે. તંત્ર દ્વારા આરોગ્ય માટે સ્વચ્છતાનું મહત્વ સમજાવતુ લોક જાગૃતિ અભિયાન પણ આજથી આરંભી દીધુ છે.

## પોલીસ ચોકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ માટે આગામી દિવસોમાં બોર્ડ બેઠક દરમિયાન ઠરાવ પણ કરવામાં આવશે જેમાં નિગમની બાંધકામ શાખાને પોલીસ ચોકી બનાવવા માટે દરખાસ્ત કરાશે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં સલામતીનો મુદ્દો રામભરોસે છે. મુસાફરો સુવિધાની સાથે સલામતી અનુભવે તે માટે વખતોવખત પોલીસ પહેરો લગાવાય તેવી રજુઆતો કરી થાકી ગયા છે. ત્યારે સુત્રોના જણાંવ્યા મુજબ ડેપોમાં ટુંક સમયમાં પોલીસ ચોકી શરૂ કરી દેવાશે.

## લાગણીનો મેળો

● ૪ પાનાનું ચાલુ...

દીધો... આવું તો ઘણુબધું ભૂંસાવા માંડ્યું છતાં સૌ મૂકબધિર... હિંદુ સભ્યતાની આગવી ઓળખ કપોળ કલ્પનાઓ માનનારાઓએ હિંદુ સંસ્કૃતિનું ધનોત પનોત કાઢી નાખ્યું છે... સંતો-મહંતો-કથાકારો-શિક્ષકો-ગુરુજનોએ સમાજનું સંમાર્જન કરવા આગળ આવવું પડશે...

મિત્રો, અહી "જૂનું તે સોનું" માની જૂનવાણી વિચારોને સમર્થન કે નવા વિચારોની અવહેલના કરવાનો કોઈ ક્ષુલ્લક હેતુ નથી. "દુર્લભે ભારતમ જન્મ" કહેનાર મહર્ષિ વેદવ્યાસ કે "ભરતખંડ ભૂતળમાં જન્મી..." એવું ગાનાર ભક્ત નરસૈયાને આપણે સમજ્યા ખરા?! આપણી સાંસ્કૃતિક વિચારધારાને ક્યારેય સમજવા બુદ્ધિ દોડાવી ખરી?! આ લખવૈયો ત્રણેક દાયકાપૂર્વે આવા જ ખ્યાલમાં રાચતો. પ...ણ... યુગદ્રષ્ટા આધુનિક મહર્ષિ પૂ.દાદાજી (પાંડુરંગ શાસ્ત્રી)ના કાર્યનો સ્પર્શ થયો જોયું....માણ્યુ.... પ્રમાણ્યું... ને મનના રૂઢખ્યાલો તૂટ્યા... ભારતીય સભ્યતા – સંસ્કાર વારસાને સમજવાની નવી દ્રષ્ટિ મળી... એ કૃતજ્ઞભાવે અહી સ્વીકારું છું!!!

દોસ્તો, વિચારવા જેવી વાત... ભલે આજે લોકો વેસ્ટર્ન કલ્ચરની પાછળ ભાગે છે પણ એક વાત યાદ રાખવા જેવી છે કે "સૂરજ પણ જયારે 'વેસ્ટ'માં જાય છે, ડૂબી જાય છે." હમણાં જ વોટ્સ અપ પર એક સુંદર મેસેજ વાંચવામાં આવ્યો "મોબાઈલનું નેટવર્ક ભલે ૩જી કે ૪જી હોય પણ સંસારનું નેટવર્ક શિવજી જ ચલાવે છે."

સ્પર્શમણિ

"પથ્થર પ્રતિમા બન્યો,
ત્યારે હૈયું હરખાઈ ગયું, પણ પ્રતિમાને
પૂજનારો પથ્થર જ રહ્યો, એ જોઈને હૈયું રડી પડ્યું."

## ડે લા સાલ હેલ્થ સાયન્સ ઈન્સ્ટિટ્યુટ, ફિલિપાઈન્સ એમબીબીએસ માટે પ્રવેશ પરિક્ષા યોજી

# મેડિકલ ક્ષેત્રે જવા માગતા ઉત્સાહીઓ માટે નવું શિક્ષણ સ્થાન- ફિલિપાઈન્સ



અમદાવાદ, તા.૧૦

હવે મેડિકલ ક્ષેત્રમાં જવા માગતા ઉત્સાહીઓને તેમનું સપનું સાકાર કરવાનું સ્થળ, ડે લા સાલ હેલ્થ સાયન્સ ઈન્સ્ટિટ્યુટ, ફિલિપાઈન્સ મળી ગયું છે. મેડિકલ અને આરોગ્ય સંલગ્ન આ સંસ્થા હવે ભારતિય વિદ્યાર્થીઓને પૂર્ણ સ્તરનું મેડિકલ શિક્ષણ આપી રહી છે. આજે આ સંસ્થાએ પસંદ કરેલા વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયા માટે અમદાવાદમાં પ્રવેશ પરિક્ષાનું આયોજન કર્યું હતું. ઈરમા એજ્યુકેશન કન્સલ્ટન્સી, ગાંધીનગર દ્વારા ઈન્સ્ટિટ્યૂટના ૭ ડેલીગેટની હાજરીમાં શહેરમાં ટેસ્ટનું આયોજન કર્યું હતું જેમાં ૨૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. પ્રવેશ પરિક્ષા આજે સવારના ૧૦.૦૦ થી ૧.૦૦ સુધી શહેરની હોટલમાં યોજવામાં આવી હતી. જે વિદ્યાર્થીઓ આ ટેસ્ટમાં સફળ થયા તેમને યુનિવર્સિટીનું એડમિટ કાર્ડ આપવામાં આવ્યું હતું અને પ્રવેશ પ્રક્રિયા સાંજે શરૂ થઈ હતી. ઈરમા એજ્યુકેશન કન્સલ્ટન્સીના સીઈઓ શ્રી પ્રભાકર બી. શાહ જણાવે કે "ડે લા સાલ હેલ્થ સાયન્સ ઈન્સ્ટિટ્યુટ હાલમાં પ્રિમિયર એજ્યુકેશન સંસ્થા ગણાય છે. તે આપણા દેશના આધ્યાત્મિક, સામાજીક, અને આ'થક પરિવર્તનની પ્રક્રિયામાં ઉદ્દીપક બનવા માગતા હોય તેવા નિષ્ઠા અને સમર્પણ ધરાવતા મેડિકલ અને આરોગ્ય સાથે સંકળાયેલા પ્રોફેશલ્સનું ભાવિ ઘડે છે.

દર વર્ષે ઓગસ્ટથી સપ્ટેમ્બરના ગાળા દરમ્યાન વિદ્યાર્થીઓને ફિલિપાઈન્સના એમબીબીએસના અભ્યાસક્રમ માટે પસંદ કરવામાં આવે છે. ફિલિપાઈન્સમાં ઈરમાનું મજબૂત નેટવકને કારણે વિદેશનો નિવાસ અવરોધમુક્ત બની રહે છે. ડે લા સાલ હેલ્થ સાયન્સ ઈન્સ્ટિટ્યુટ ઉપરાંત ઈરમાએ ફિલિપાઈન્સની આઠ અન્ય સંસ્થાઓ સાથે કોલાબરેશન કર્યું છે.